# ઉચ્ચ શિક્ષણ વ્યવસ્થા અને તેના સુજાવો

ડૉ.સુરેશકુમાર ચેલાભાઈ પટેલ

આસીસ્ટન્ટ પ્રોફેસર, ઈતિહાસ વિભાગ,
શેઠ પી.ટી.આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ,ગોધરા
મો.૯૪૨૬૨૮૨૫૧૯
**Emil :sureshpatelnss@gmail.com**

**सा विद्याया शास्ति।**

**अर्थात्, जो हमें अनुशासित करती है, वह विद्या है।**

**सा विद्या या विमुक्तये।**

**यानी, वही विद्या है, जो हमें मुक्ति देती है।**

**मुक्तिसंकीर्णतासे, वायवीय भौतिकता की परिधिसे।**

**गुरु ग्रंथ साहिब मेंभी वर्णित है- विद्या विचारीतां परोपकारी।**

ભારતની યુનિવર્સિટીઓનું મોનીટરીગ માનવસંસાધન વિકાસમંત્રાલય અને રાજયસરકારો દ્વારા થાયછે કેન્દ્રીય યુનિવર્સિટીનું સંચાલન કેન્દ્રસરકાર દ્વારા અને રાજયોની યુનિવર્સિટીઓનું સંચાલન રાજયસરકાર દ્વારા કરવામાં આવે છે. આમ કેન્દ્ર અને રાજયોની યુનિવર્સિટીઓ દ્વારા વિદ્યાર્થીઓને વિજ્ઞાન, ટેકનોલોજી, કૃષી અને વિનીયન વિધા શાખાઓમાં ઉચ્ચશિક્ષણ આપી સંશોધન તેમજ પીએચ ડી જેવી ડીગ્રી આપી ઉચ્ચશિક્ષણ માટે તકો ઉભી કરવામાં આવે છે.

ભારતની ઉચ્ચશિક્ષણ સિસ્ટમ ૨000-૨00૧ થી ૨0૧0-૨0૧૧ ના એક દાયકામાં લગભગ ૨0,000 કોલેજો તથા ૮લાખ વિદ્યાર્થીઓ સાથે એક જડપી ગતીએ વિકાસ કરેલ છે. વર્ષ ૨0૧૧ ની સ્થિતિએ ભારતમાં ૪૨ કેન્દ્રીય યુનિવર્સિટીઓ, ૨૭૫ રાજયની યુનિવર્સિટીઓ,૧૩0 ડીમ્ડ યુનિવર્સિટીઓ તથા ૯0 ખાનગી યુનિવર્સિટીઓનો સમાવેશ થાય છે.ભારતની ઉચ્ચશિક્ષણ આપતી સંસ્થાઓ જેમકે ઇન્ડિયન ઇન્સ્ટિટયુટ ઓફ ટેકનોલોજી (આઇઆઇટી), ટેકનોલોજી નેશનલ ઇન્સ્ટિટયુટ (એનઆઇટી), માહિતી ટેકનોલોજી ઇન્ડિયન ઇન્સ્ટિટયુટ (આઇઆઇટીએચ), ભારતીય મેનેજમેન્ટ સંસ્થા(આઇઆઇએમ), માહિતી ટેકનોલોજીઇન્ટરનેશનલઇન્સ્ટિટયુટ(આઇ આઇ ટી એચ),

મુંબઇ યુનિવર્સિટી અને જવાહરલાલ નેહરૂં યુનિવર્સિટી વૈશ્વિક કક્ષાના શિક્ષણ માટે પ્રમાણભૂત રીતે વખાણાયેલી છે. આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠિત યુનિવર્સિટી ક્ષેત્રમાં ભારત હજુ પણ વિશ્વની નામાકીત હાર્વડ,કેમ્બ્રિજ અને ઓકસફોર્ડ યુનિવર્સિટી સાથે નામના ધરાવેછે.

ઉચ્ચશિક્ષણ માટે યુનિવર્સિટી ગ્રન્ટકમીશન દ્વારા નીચે પ્રમાણે એક્રેડિએશન સ્વાયત સંસ્થાઓ દ્વારા શિક્ષણ સબંધી બાબતો પર દેખરેખ રાખવામાં આવે છે.

- ટેકનિકલ શિક્ષણ માટે ઓલ ઇન્ડિયા કાઉન્સિલ(AICTE)
- ડિસ્ટન્સ એજયુકેશન કાઉન્સિલ (મભહ)
- ભારતીય કૃષિ અનુંસંધાન પરિષદ(ICHR)
- ભારતીય બાર કાઉન્સિલ (BCI)
- નેશનલ એસેસમેન્ટ એન્ડ એક્રેડિશન કાઉન્સિલ (NAAC)
- શિક્ષક શિક્ષણ માટે નેશનલ કાઉન્સિલ (NCTE)
- ભારત પુનર્વસન કાઉન્સિલ (RCI)
- ભારત મેડીકલ કાઉન્સિલ(MCI)
- ભારત ફાર્મસી કાઉન્સિલ (PCI)
- ભારતીય નર્સિંગ કાઉન્સિલ (INC)
- ભારત ડેન્ટલ કાઉન્સિલ (DCI)
- હોમીયોપેથી સેન્ટ્રલ કાઉન્સિલ (CCH)
- ભારતીય મેડિસિન સેન્ટ્રલ કાઉન્સિલ (CCIM)
- ભારતીય વેટનરી કાઉન્સિલ (VCI)

ભારત સરકાર દ્વારા ઉચ્ચ શિક્ષણનું સંચાલન યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન દિલ્હી દ્વારા કરવામાં આવે છે. યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન દિલ્હી ઉચ્ચશિક્ષણ માટે ધારા ધોરણો નકકી કરી કેન્દ્ર અને રાજયો સાથે સંકલન કરી તેની અમલવારી કરવાનું તેમજ તેના નીતિ નિયમોનું ચોકકસ પાલન થાય તથા ઉચ્ચશિક્ષણ આપતી સંસ્થાને જરૂરી મદદ અને માર્ગદર્શન પુરું પાડવાની કામગીરી કરવામાં આવે છે. આમ છતાં પણ ઉચ્ચશિક્ષણ ક્ષેત્રે ભારતીય વિદ્યાર્થીઓ વિશ્વકક્ષાની સ્પર્ધામાં સારો દેખાવ કરી શરતા નથી જેના પરીણામ સ્વરૂપે ઉચ્ચશિક્ષણ મેળવ્યા પછી પણ બેકારોની

સંખ્યામાં પ્રતિદીન વધારો થતો અટકાવવા અને વિશ્વકક્ષાએ પારદર્શક સ્પર્ધા કરી સારા ડોકટર, કુશળવૈજ્ઞાનીક, સારા ઇજનેર અને સાથે સાથે સક્ષમ યુવાનો તૈયાર કરવાની જવાબદારી માત્ર સરકાર એકલાની નથી દરેક યુવાને આગળ આવી વર્ષો જુની ચાલી આવતી બીમાર સીસ્ટમને બદલવા માટે પોતાના વિચારો રજુ કરી તેની અમલવારી થાય તે માટેના પ્રયત્નો કરવાથીજ વર્તમાન સમાજ અને શિક્ષણમાં બદલાવ લાવી શકાશે એવું મારું અંગત માનવું છે, માત્ર વાતો કરવાથી ચર્ચા કરવાથી કે સેમીનારના નામે ભેગા મળી માત્ર સીસ્ટમને દોષ આપ્યા વગર એમાં શુ થઇ શકે અને તેની શરૂઆત પોતાનાથી જ થાય તો આ શ્રમયજ્ઞ સફળ થયેલ ગણાશે ભારતીય ઉચ્ચશિક્ષણમાં નીચે મુજબ સુધારાઓ થાય તેવી સર્વ બુદ્ધિજીવી સમાજની આગ્રહભરી વિનંતી છે.

ભારતીય ઉચ્ચશિક્ષણમાં નીચે મુજબ સુધારાઓની આવશ્યકતા છે.

- આઝાદી સમયે ભારતનો સાક્ષરતા દર ૨૦ હતો જે વર્તમાન સમયમાં ૬૫ થી ૬૮ સુધી થયો છે. ભારતમાં  ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં માત્ર ૧૦ ટકા ૧૮ થી ૨૩ ટકા વર્ષના યુવાનો અભ્યાસ કરે છે. જયારે બીજા વિકસીત દેશોમાં આ આંક ૨૨ ટકા ઉપર છે ભારતે પણ આ ૧૦ ટકાનો અંક વધારી ૨૦ થી ૨૨ ટકાસુધિ લઇ જવા પ્રયત્નો કરવા પડશે.
- ભારતમાં ઉચ્ચ શિક્ષણ આપતી સંસ્થાઓના અભાવ ને કારણે લગભગ ૮૦ હજાર યુવાનો પ્રતિ વર્ષ વિદેશમાં ઉચ્ચ શિક્ષણ મેળવવા જાય છે જયારે ભારતમાં ઉચ્ચ શિક્ષણ મેળવવા માટે પ્રતિ વર્ષ માત્ર ૮ હજાર વિદ્યાર્થીઓ વિદેશથી અહી આવે છે તો ઉચ્ચ શિક્ષણ ના વિકાસ માટે ભારતમાં વધુ ઉચ્ચ શિક્ષણ આપતી સંસ્થાઓ ખોલવી જોઇએ.
- સરકારે માત્ર ખાનગી સંસ્થાઓ ને શિક્ષણની જવાબદારી આપવાની જગ્યાએ ખાનગી સંસ્થાઓ ઉપર અંકુશ મુકી શિક્ષણની ગુણવતા વધે તે માટે પણ પ્રયત્નો કરવા જોઇએ.
- તત્કાલીન વડાપ્રધાન ડૉ.મનમોહનસિંહે તેમના વક્તવ્ય માં જણાવ્યું હતું કે ભારતની ૨/૩ વિશ્વવિધાલયો ગુણવતાના ધોરણો કરતાં નીચી કામગીરી કરે છે. તેમણે અભ્યાસક્રમની અંદર બદલાવ લાવવાની ટકોર કરી હતી અને જણાવ્યું હતું કે અભ્યાસક્રમની અંદર બદલાવ લાવવાથી જ આપણા યુવાનો વિશ્વસ્તરીય સ્પર્ધામાં ટકી શકશે.
- સર્વોચ ગુણવતાવાળી ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ  તથા કેન્દ્રીય  વિદ્યાલયોમાં અધ્યાપકોની ઘટને કારણે શિક્ષણનું સ્તર બગડતું હોયતો સરકારે તાત્કાલિક ધોરણે તાલીમબધ્ધ અધ્યાપકોની ભરતી કરવી જોઇએ.

- પારદર્શકતા તથા ઉંચા ધારાધોરણો પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઇએ.
- વ્યવસાયીક અને મેડીકલ શિક્ષણને સુદઢ અને મજબુત કરવું જોઇએ.
- સમૂહ જવાબદારીના પ્રયાસોથી શિક્ષણના નવા આયામો શોધવા જોઇએ.
- વિષયની રૂચી પ્રમાણે કળા અને શિક્ષણનો સમન્વય કરી તેના માટે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા જોઇએ.
- સરકાર દ્વારા ખાનગી યુનિવર્સિટીને માન્યતા મળતા કેટલીક યુનિવર્સિટી વિદ્યાર્થી પાસેથી નકકી કરેલ ફી કરતાં વધારે ફી વસુલ કરી વિદ્યાર્થીઓનું આર્થિક શોષણ કરવામાં આવે છે તેના ઉપર સરકારે નિયમો કાયદા દ્વારા અંકુશ મુકવો જોઇએ.
- સરકાર દ્વારા ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે પુરતો સ્ટાફ અને જરૂરી ઇન્ફ્રાસ્કચરની વ્યવસ્થા કરવી જોઇએ.
- પરીક્ષા પધ્ધતિ દરેક રાજયમાં એક સરખી હોવી જોઇએ.
- ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે સેમીસ્ટર પદ્ધતિમાં ફેરફેર કરી વિદ્યાર્થી તેમજ શિક્ષકને અધ્યાપન કરાવવા માટે પુરતો સમય આપવો જોઇએ.
- ઉચ્ચ શિક્ષણ નીતીમાં સરકારી હસ્તક્ષેપ અને રાજકારણ બંધ થવું જોઇએ.
- પ્રવેશ પ્રક્રીયા પારદર્શક બનાવવી જોઇએ.
- શિક્ષણમાં ગેરરીતી તેમજ ભ્રષ્ટાચાર અટકાવવા સરકારે વિધેયક પસાર કરી કસુર વાર વ્યકિત ને કડકમાં કડક સજા થાય તેવી જોગવાઇ કરવી જોઇએ.
- શિક્ષકોને સમાન કામ સમાન વેતન ધારા પ્રમાણે યોગ્ય વેતન આપવું જોઇએ.
- ઉચ્ચ શિક્ષણમાં રાખવામાં આવતા કરારઆધારીત, ખંડસમયના, ફીકસપગારવાળા અધ્યાપકોને શિક્ષણની ગુણવતા જાળવવા માટે આ પ્રથા બંધ કરી સમાનકામ સમાનવેતન ધારા પ્રમાણે યોગ્ય વેતન આપવું જોઇએ.
- ઉચ્ચ શિક્ષણમાં જોડાયેલ દરેક ટીચરને નવીનીકરણ માટે ફરજીયાત તાલિમ હોવી જોઇએ.

સંદર્ભ સૂચિ:-

1. **www.universityworldnews.com**
2. **https://en.wikipedia.org**
3. **Altbach Philip g.,private Prometheus, Private Higher esucation and development in thee 21 cuntery. 1999.**
4. ઉચ્ચ શિક્ષણ ભારત દેશ સારાંશ, વિશ્વબેન્ક ૨૦૦૯.
5. ઉચ્ચ શિક્ષણ નેશનલ ઇન્ફોર્મેટિકસ સેન્ટર,ભારત સરકાર,૨૦૧૦.
6. जयन्त जिज्ञासु ,भारतीय जनसंचारसंस्थान, नयी दिल्ली.
7. **www.bharatiyashiksha.com**
8. **https://en.ugc.ac.in**

ફોટોગ્રાફ્સ:-



ટેકનોલોજી ઇન્ડિયન ઇન્સ્ટીટયુટ ખડગપુર (IIT)
પશ્ચિમ બંગાળ



ટેકનોલોજી ઇન્ડિયન ઇન્સ્ટીટયુટ મુંબઈ (IIT)
મહારાષ્ટ્ર



ટેકનોલોજી ઇન્ડિયન ઇન્સ્ટીટયુટ અમદાવાદ(IIT)
ગુજરાત



ટેકનોલોજી ઇન્ડિયન ઇન્સ્ટીટયુટ કલકતા(IIT)
પશ્ચિમ બંગાળ